# GENVASC અભ્યાસ

## અને તમારી એનએચએસ આરોગ્ય (NHS)તપાસ

*ટૂંકું માહિતી પત્રક*

**હૃદય રોગનો સામનો કરવામાં શું તમે સંશોધનમાં અમને મદદ કરવા માંગશો?**

**તમે તમારા એનએચએસ આરોગ્ય તપાસ પર હોવ તે દરમિયાન અમે તમને GENVASC અભ્યાસમાં ભાગ લેવા તમને આમંત્રણ આપવા માંગીશું. હૃદય રોગ અથવા અન્ય રુધિરાભિસરણ સમસ્યાઓ થવાના તમારા જોખમનું મૂલ્યાંકન કરવા તમે એનએચએસ આરોગ્ય તપાસ કરાવી રહ્યા છો. તપાસમાં તમારા લોહીના નમૂનાનું પરીક્ષણ કરવાનો અને તમને કાર્ડિયોવાસ્ક્યુલર રોગ થવાની તકો પર અસર કરતાં હોય તેવા પરિબળો કે જેને અમે જાણીએ છીએ તેની તપાસ કરવાનો સમાવેશ થાય છે, જેમ કે તમારી ઉંમર, જાતિ, લોહીનું દબાણ, કોલેસ્ટરોલનું સ્તર અને તમે ધૂમ્રપાન કરો છો કે નહીં તથા ડાયાબિટીસ છે કે નહીં.**

આગામી પૃષ્ઠ પર ચાલુ

આ તમામ બાબતો, જેઓ ઉંચા જોખમ પર રહેલા છે તેઓને ઓળખી કાઢવામાં અને વેળાસર તકેદારીના પગલાં લાગુ કરવા દેવામાં અમને મદદ કરવામાં અગત્યની છે. આમ છતાં, આ પરીક્ષણો સંપૂર્ણ નથી અને કેટલાક લોકો કે જેઓ નીચા કે મધ્યમ જોખમ છે તેને ઓળખી કઢાયા છે તેઓને હજુ કાર્ડિયોવાસ્ક્યુલર સમસ્યાઓ હોય છે. આ સમસ્યા છે.કારણ કે અન્ય પરિબળો કામ કરે છે, ઉદાહરણ તરીકે કાર્ડિયોવાસ્ક્યુલર સમસ્યાઓ કેટલાંક કુટુંબો કરતાં અન્યોમાં વધુ વારંવાર થતી જણાય છે, જેથી જનીનો અને ડીએનએ (DNA) પણ હૃદય રોગ થવાના જોખમને વધારવામાં ભાગ ભજવે છે.

## એકંદર GENVASC અભ્યાસ શું છે?

હૃદય રોગના જોખમને અસર કરે તેવા જનીનોને ઓળખવામાં તાજેતરમાં ઘણી બધી પ્રગતિ કરવામાં આવી છે. GENVASC અભ્યાસ (જનીન વિષયક અને વાસ્ક્યુલર આરોગ્ય તપાસ કાર્યક્રમ માટેનું ટૂંકુરૂપ), તમારા જેવા હજારો લોકોનો સમાવેશ કરે છે અને પરીક્ષણ કરાયેલ અન્ય જોખમ પરિબળોમાં જનીન વિષયક માહિતી ઉમેરવાથી, કયા લોકોને કાર્ડિયોવાસ્ક્યુલર રોગ થવાનું જોખમ છે તેની

આગાહી કરવાને સુધારવામાં મદદ કરી શકે કે કેમ તેનું પરીક્ષણ કરવાનો ઉદ્દેશ છે.

## તેમાં શું સામેલ થાય છે?

અભ્યાસમાં ભાગ લેવાનું ખરેખર સરળ છે કેમ કે તે તમારી આરોગ્યની તપાસ સાથે સંયોજનમાં છે. તમારે માત્ર સંમતિ ફોર્મમાં સહી કરવાની જરૂર રહે છે જે સંશોધનમાં તમારી કેટલીક તબીબી માહિતીને ખાનગી રીતે અમને ઉપયોગ કરવા મંજૂરી આપે છે અને અમને લોહીનો નમૂનો પૂરો પાડે છે. મોટા ભાગના કિસ્સાઓમાં તમારી આરોગ્યની તપાસના નમૂના વખતે જ લોહીનો નમૂનો લેવાય છે અને કોઇ અનુવર્તી મુલાકાતો અથવા સારવારોનો સમાવેશ થતો નથી.

## મારા લોહીના નમૂના અને ડેટાનું શું થશે?

તમારા લોહીના નમૂના અને ડેટાને અભ્યાસમાં ઉપયોગ માટે એનઆઇએચઆર (NIHR) લેસ્ટર કાર્ડિયોવાસ્ક્યુલર બાયોમેડિકલ રીસર્ચ યુનિટમાં (NIHR Leicester Cardiovascular Biomedical Research Unit) સુરક્ષિત રીતે સંગ્રહ કરાશે.

આગામી પૃષ્ઠ પર ચાલુ

## આ અભ્યાસમાં મારો સહયોગ ખાનગી રહેશે તે હું કેવી રીતે જાણું?

આ અભ્યાસમાં તમારો સહયોગ ખાનગી રહેશે કેમ કે તમને વિરલ અભ્યાસ નંબર ઇશ્યૂ કરાશે. તમારા લોહીનું પૃથક્કરણ કરનારા સંશોધકો માત્ર તમારા નંબરને જ જાણશે, તમારા નામને નહીં.

શા માટે આ અગત્યનું સંશોધન હાથ ધરાઇ રહ્યું છે તે અંગે વધુ માહિતી માટે, કૃપા કરીને પૂરી પાડેલ વિગતવાર સહભાગી માહિતી પત્રકને વાંચો. તમે વિગતવાર માહિતી પત્રક વાંચો તે પછી અથવા ત્યારબાદ કોઇપણ સમયે તમે પાછા હટી જવા માંગો, તો તમારી સંભાળ કે કાનૂની હકો પ્રત્યે કોઇપણ પૂર્વગ્રહ રાખ્યા સિવાય, તેમ કરવા માટે તમે મુક્ત છો.

ભાગ લેવો સ્વૈચ્છિક છે, પરંતુ કૃપા કરીને જોડાઓ. પરિણામો ભાગ લેવા ઇચ્છતા લોકોની મોટી સંખ્યા પર આધાર રાખે છે અને ભવિષ્યમાં જીંદગીઓને બચાવવામાં મદદ કરવામાં તે ખૂબ અગત્યની બની શકશે.